# IIT-ગાંધીનગરની 10 વર્ષની સફળતા વિદ્યાર્થીઓને આભારી : સુધીર જૈન

## એન્યુઅલ એલ્યુમનાઈ મીટ : પૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં

સિટી રિપોર્ટર

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) ગાંધીનગર ખાતે એન્યુઅલ એલ્યુમનાઈ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈઆઈટી ગાંધીનગરની સ્થાપનાથી લઈને તાજેતરમાં પાસઆઉટ થયેલા વિદ્યાર્થીઓએ હાજરી આપીને આઈઆઈટી ગાંધીનગર સાથે જોડાયેલી યાદો શેર કરી હતી. આઈઆઈટી ગાંધીનગરના ડિરેક્ટર સુધીર જૈને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતા કહ્યું કે, 'આઈઆઈટી અને તેની ફેકલ્ટી માટે વિદ્યાર્થીઓ હંમેશા પહેલી અગત્યતા રહી છે. 10 વર્ષમાં આઈઆઈટીની સફળતા તેના વિદ્યાર્થીઓને આભારી છે. આઈઆઈટી એક એવું સ્થળ છે જ્યાં વિદ્યાર્થીઓ ગમે ત્યારે આવી શકે છે.'







### વિદ્યાર્થીઓને અપાતી ફ્રિડમના કારણે આઈઆઈટી સ્પેશિયલ : પૂર્વ સ્ટુડન્ટ

2015ની બેચના પૂર્વ આઈઆઈટી સ્ટુડન્ટ વિનીત જોશીએ પોતાના અનુભવો શેર કરતા કહ્યું કે, 'વિદ્યાર્થીઓને અપાતી ફ્રીડમને કારણ આઈઆઈટી સ્પેશિયલ છે. આઈઆઈટીના ડાયરેક્ટરથી લઈને પ્રોફેસર સાથે તમારા વિચારો અને તકલીફો શેર કરી શકો છો.'

**Title:** IITGN's 10 years of success credit goes to students: Prof Sudhir Jain
Former students attended Annual Alumni Meet
**Source:** City Bhaskar (Pg. no. 02)
**Date:** 24/12/2018